# ભક્તોની પ્રતિજ્ઞાની રક્ષા કાજે સ્વયંની પ્રતિજ્ઞા ભંગ કરનાર માધવ



ધર્મરંગ

વ્યોમા સેલર

કરુણા કરનારા તારી કરુણાનો કોઇ પાર નથી. હે પરમ પરમેશ્વર તારી લીલાનો કોઇ પાર નથી. અજબ-ગજબની લીલાસમ, પુરુષોત્તમને પામવો દુર્લભ. લીલાધારી સર્જનહાર, અભેદ તારો ખેલ. સૌ જીવાત્માઓના સ્વામી, અખંડ તારો પ્રેમ, ભવભવના તારણહાર, નાશવંતને નિર્ભય તારો સાથ.

પ્રભુ શ્રી હરિ ભક્તો તથા જીવાત્માઓની રક્ષા કાજે સૃષ્ટિનાં અનિષ્ટો તથા પાપીઓનો સમૂળો નાશ કરી, ધર્મની સ્થાપના કરી, સૃષ્ટિમાં આધ્યાત્મિક પવિત્ર વાતાવરણ સ્થાપિત કરે છે. અલગ અલગ યુગમાં ધર્મની રક્ષા કાજે અવતાર ધારણ કરે છે.

ભક્તો વચન તથા પ્રતિજ્ઞા થકી ભગવાનની પ્રેમદોરીથી બંધનમાં આવે છે. ભક્તોની પ્રતિજ્ઞાની રક્ષા કાજે શ્રી કૃષ્ણ ભગવાન સ્વયંની પ્રતિજ્ઞા તોડે છે.

મહાભારતના ધર્મયુદ્ધમાં કૌરવો તથા પાંડવોની સેના વચ્ચે ભયંકર યુદ્ધ થઇ રહ્યું હતું. શ્રીકૃષ્ણની છત્રછાયા હેઠળ પાંડવો અત્યંત સુરક્ષિત તથા વિજયી થઇ રહ્યા હતા. કૌરવ સેનાના મહારથી દુર્યોધન મનથી ખૂબ જ દુઃખી તથા વિચલિત થઇ રહ્યો હતો કારણ કે પોતાની સેનામાં ભગવાન શ્રીકૃષ્ણની વિશાળ સેના, ભીષ્મપિતામહ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, અશ્વત્થામા, અંગરાજ કર્ણ જેવા યોદ્ધા હતા છતાં દિવસે દિવસે સેના નષ્ટ થઇ રહી હતી. વિજય માટે કોઇ પણ આશાનું કિરણ પ્રાપ્ત થઇ રહ્યું ન હતું. આવી પરિસ્થિતિમાં દુર્યોધનના કટુવચનથી નાસીપાસ થઇ ભીષ્મપિતામહ પાંડવ સેનાનો નાશ કરવા તથા રણભૂમિમાં યુદ્ધ દરમ્યાન શસ્ત્ર ના ઉઠાવવાની પ્રતિજ્ઞાથી બંધાયેલ શ્રીકૃષ્ણ પાસે શસ્ત્રધારણ કરવાની ભીષ્મપ્રતિજ્ઞા લઇ રણભૂમિમાં રણે ચડ્યા.

ભીષ્મ પિતામહ દ્વારા પાંડવ સેનાનો વિશાળ તથા ભયંકર નાશ થતો નિહાળી અને પાંડવોની રક્ષાના વચનથી બધ્ધ ભગવાન શ્રીકૃષ્ણ પોતાની પ્રતિજ્ઞા તોડી ભીષ્મ પિતામહ સામે રથનું પૈડું લઇ ધસી ગયા. આ દશ્યથી ભીષ્મ પિતામહ ખૂબ જ ભાવવિભોર થઇ કૃષ્ણને કહે છે, ''હે! કેશવ તમે તમારી પ્રતિજ્ઞા શા માટે તોડી?''

ભગવાન શ્રીકૃષ્ણ પ્રશ્નના ઉત્તરમાં ભીષ્મ પિતામહને કહે છે, પ્રતિજ્ઞાની રક્ષા કાજે. મારા પળનો ત્યાગ કર્યો, યુદ્ધમાં હાર પછી જગતમાં તમારા મુખકમળમાં પવિત્ર દર્શનનો લહાવો પાંડવો તથા અન્ય મહાનુભાવો પામી શકે. તમારા જ્ઞાનનો લાભ પાંડવોને પ્રાપ્ત થઇ શકે કારણ કે ભીષ્મ પિતામહે પ્રતિજ્ઞા લીધી હતી કે રણભૂમિમાં પાંડવ સેનાનો નાશ ન કરી શકું તો હું આજ પછી જગત સમક્ષ મારા મુખને પ્રગટ કરીશ નહિ પરંતુ ભક્તવત્સલ શ્રીકૃષ્ણ પોતાના વ્હાલા ભક્ત ભીષ્મના દર્શન સૌને પ્રાપ્ત થાય તેવી ઇચ્છા રાખતા હતા.

મહાભારતના યુદ્ધના અંતિમ ચરણમાં દુર્યોધન મરણપથારી પરથી પોતાના વિશ્વાસુ મિત્ર અશ્વત્થામાને પાંચ પાંડવોનો તથા તેમના કુળનો નાશ કરવા માટે રણે ચડવાનું દુઃસાહસ કરવા પ્રેરે છે. આથી અશ્વત્થામા પાંચ પાંડવના પુત્રોનો શિરચ્છેદ કરે છે પરંતુ યુદ્ધમાં પરાજયને કારણે પાંડવ કુળવધૂ ઉત્તરાના ગર્ભમાં વિકસિત થઇ રહેલ શિશુનો વધ કરવા સૌથી અમોઘ શસ્ત્ર બ્રહ્માસ્ત્ર છોડે છે. ભગવાન શ્રીકૃષ્ણ ઉત્તરાના ગર્ભમાં બ્રહ્માસ્ત્રથી બાળકની રક્ષા કરી બાળકને બચાવે છે. આ રીતે ભગવાન શ્રીકૃષ્ણ પાંડવકુળનો નાશ થતો અટકાવે છે. ભગવાન શ્રીકૃષ્ણ પોતાના પરમભક્તોનાં વચન તથા તેઓની પ્રતિજ્ઞાના પાલન માટે હંમેશાં કૃપાળુ હોય છે. દરેક યુગમાં ભગવાન પોતાની કૃપા થકી ભક્તોની રક્ષા કરે છે.

ભક્ત વત્સલ ભગવાનની જય હો!

> પ્રભુ શ્રી હરિ ભક્તો તથા જીવાત્માઓની રક્ષા કાજે સૃષ્ટિનાં અનિષ્ટો તથા પાપીઓનો સમૂળો નાશ કરી, ધર્મની સ્થાપના કરી, સૃષ્ટિમાં આધ્યાત્મિક પવિત્ર વાતાવરણ સ્થાપિત કરે છે

# મૂળ ધર્મ કયો?



બાઉલ કથા



લેફ્ટનન્ટ સતીશ વ્યાસ

બંગાળના કોલકત્તાથી, અગ્નિ ખૂણામાં, આશરે 70 km દૂર, મટિયા નદીના પશ્ચિમ છેડે, પિયાલી ગામના કાંઠે, અરબાઝ ચાંદ બાઉલનો આશ્રમ છે. અમે ત્યાં તેને મળવા ગયા. ત્યારે અમારી સાથે અમારા મિત્ર અતનું ભટ્ટાચાર્ય પણ સાથે હતા.

આશ્રમ પાસે પહોંચ્યા ત્યારે અતનું એ કહ્યું, ''સતીશ આ અરબાઝ તો મુસ્લિમ નામ લાગે છે! તેના ગુરુ સુધીર ચાંદ તો હિન્દુ હતા!''

મેં કહ્યું, ''હા, તો તારું શું કહેવાનું છે?''

તે બોલ્યા, ''આ બાઉલ લોકોનો મૂળ ધર્મ કયો?''

હું કંઈ જવાબ આપું તે પહેલાં તો અમે નાનકડા આશ્રમની ઝાંપલી વળોટી બાઉલની ઝૂંપડી સુધી પહોંચી ગયા હતા

અરબાઝ બોલ્યો, ''જય ગુરુ! આવો! આવો!''

પછી બોલ્યો, ''અમારો બંગાળી બાબુ શું પૂછતો હતો? અમારો બાઉલનો મૂળ ધર્મ કયો એમ ને?''

અમારી વાતચીત બાઉલ સાંભળી ગયા હતા. તે જાણી અતનું ઝંખવાણો પડી ગયો.

આગળ બાઉલ બોલ્યા, ''ચાલો, મારી સાથે! મારે દૂધ લેવા જવું છે!''

અમે ઝોલો અને સામાન આશ્રમમાં રાખી તેની પાછળ ચાલ્યા. તે અમને થોડે દૂર એક વિશાળ વડના ઝાડ નીચે લઈ ગયા. બપોરનો સમય હતો. ત્યાં ઘેઘુર વૃક્ષની છાયામાં, એક તરફ કેટલાક ઘોષ આરામ કરતા હતા. અને બીજી તરફ છાયામાં કેટલી ગાયો બેઠી હતી.

ત્યાં પહોંચ્યા એટલે ઘોષ લોકોમાંથી એક યુવાન, બાઉલ પાસેથી દૂધની દોણી લઈ ગાયને દોહવા માટે ચાલ્યો. બાઉલ બધા ભરવાડો વચ્ચે બેસી ગયા. અમે પણ સાથે બેઠા. વડ ખૂબ જ મોટો અને ઘેઘુર હતો. તેની ડાળમાંથી અનેક વડવાઈ ફૂટી અને જમીનમાં ઊતરી હતી. બાઉલે સૌથી બુઝુર્ગ ભરવાડ તરફ જોઈને પૂછ્યું, ''ઘોષ! આ વડના ઝાડમાં અસલી થડ કયું?''ઘોષ બોલ્યો, ''ખબર નથી, બાઉલ! મને 80 વર્ષ થયાં, હું તો આ વડને આવો ને આવો જ જોઉં છું!''

બાઉલે એક ડાળ પકડી બીજો પ્રશ્ન પૂછ્યો, ''ઘોષ! આ ડાળને આટલા બધા થડમાંથી કયા થડનું મૂળ પાણી આપતું હશે?'' બાઉલના પ્રશ્નોનો જવાબ આપવાને બદલે ઘોષ હસી પડ્યા, બોલ્યા, ''બાઉલ! તારા પ્રશ્ન આવા જ હોય! આ ડાળીને કોઈ એક નક્કી કરેલા થડ દ્વારા પાણી થોડું મળે? તેનું પોષણ તો બધા જ થડના મૂળ કરતા હોય!'' બાઉલે પૂછ્યું, ''ઠીક છે, હું આ એક વડવાઈ કાપી નાખું, તો વડનો અમુક ભાગ સુકાઈ જાય?''

ઘોષ બોલ્યા, ''ના, બાઉલ! બીજી વડવાઈ આ ભાગને પાણી ,ખોરાક પહોંચાડવા માંડે!''

બાઉલ બોલ્યા, ''સારું.''

પછી અતનું તરફ ફરી અને બાઉલ બોલ્યા, ''ભાઈ અતનું! ધર્મનું પણ આ વડના ઝાડ જેવું જ છે! જેમ સૌથી પહેલું થડ કયું તે નક્કી ન થઈ શકે, તેમ સૌથી પ્રથમ ધર્મ કયો તે પણ નક્કી ન થાય. દરેક સારા સારા વિચારો, એક ધર્મમાં એકબીજાને વડની જેમ છાંયો આપતા જતા હોય છે, અંતે તો દરેક ધર્મમાં માનવતા નામનું રસકસનું ઝરણ રહેતું હોય છે. આ તો મનેર માણસને વડના ઝાડની વડવાઈની જેમ જુદાં જુદાં રૂપે વિલસવાની ઈચ્છા થઈ, તેથી તેણે અલગ અલગ વડવાઈ રૂપે, જમીન પર અવતરણ કર્યું.

કદીક ઉપર મસ્તક ઉઠાવી જુઓ, તો બધા ધર્મ એક જ વડની વડવાઈ છે તે ખબર પડી જાય! પરંતુ, અફસોસ એ છે કે આપણે ઉપર મસ્તક ઉઠાવી જોવું જ નથી!''

બાઉલની ઉપર જોવાની વાત સાંભળતાં સાંભળતાં અતનુંનું મસ્તક શરમથી નીચું થઈ ગયું.

> ધર્મનું પણ વડના ઝાડ જેવું જ છે! જેમ સૌથી પહેલું થડ કયું તે નક્કી ન થઈ શકે, તેમ સૌથી પ્રથમ ધર્મ કયો તે પણ નક્કી ન થાય. દરેક સારા વિચારો, એક ધર્મમાં એકબીજાને વડની જેમ છાંયો આપતા જતા હોય છે, અંતે તો દરેક ધર્મમાં માનવતા નામનું રસકસનું ઝરણ રહેતું હોય છે